## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




લો આ પુછે છે કે... સ્કૂલ એટલે શું...?

# ગીયોડ પાસે મર્સિડીઝ કાર-બાઈક વચ્ચે અકસ્માત : બેના મૃત્યુ

## ગાંધીનગરથી પેન્ટરનું કામ કરીને બંન્ને યુવકો પાટનાકુવા ઘરે જઈ રહ્યા હતા, રાત્રીના સમયે બનેલ બનાવ, કારચાલકે પૂજાપાની લારીને પણ અડફેટે લીધી હતી

ગાંધીનગર, તા.૬

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર ગત રાત્રીના સમયે ગીયોડ મંદિર પાસે મર્સિડીઝ કાર ચાલકે બાઈકને અડફેટે લેતા બે યુવકોના મૃત્યું નિપજયા છે. ગાડીની ટક્કર વાગતા બંનને યુવકોને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. રોકેટગતિએ આવેલી ગાડીએ મંદિર પાસે ઉભેલી પૂજાપાની લારીને પણ ટક્કર મારતા લારીનો સામાન પણ વેરવિખેર થઈ ગયો હતો. જયારે ગાડીના આગળનો ભાગનો ખુડદો બોલી ગયો હતો, જયારે ગાડી નીચે બાઈક દબાઈ ગયું હતું. જયારે પાટનાકુવાના બે યુવકોના મૃત્યુંને પગલે ગામમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.બનાવ અંગે મૃતક જુગાજીના ભાઈ બાલાજીની ફરીયાદને પગલે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પાટના કુવા (રણછોડપુરા) ના ગામના જુગાજી (ઉં.૪૫) અને કલાજી બળદેવજી ગાંધીનગર ખાતે પેઈન્ટર તરીકે કામ કરે છે. સોમવારના રોજ તેઓ મોડી સાંજના સુમારે તેઓ ઘર તરફ બાઈક નં. જી.જે.૦૯.ડી.ડી. ૬૭૫૪ લઈને જઈ રહ્યા હતા. તે સમયે ગિયોડ અંબાજી માતાજીના મંદિર નજીક પુરપાટ ઝડપે ગફલતભરી રીતે હંકારી વાદળી કલરનુ મર્સિડીઝ કારના ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારી હતી. જેથી બાઈક પર સવાર બંન્ને જણા નીચે પટકાયા હતા. અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચતા જુગાજીનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું હતું.જયારે કલાજીને વધુ ઈજાઓ પહોંચતા જ ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા.જયાં તેમનું પણ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. આ કાર ચાલકે મંદિર પાસે ઉભેલી પૂજા ભરેલી લારીને પણ ટક્કર મારતા લારી તુટી ગઈ હતી અને સામાન વેરવિખેર થઈ ગયો હતો. અકસ્માતને પગલે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જયારે આરોપી યુવક મુળ રાજકોટનો વતની છે અને છેલ્લા પાંચ વર્ષથી બોપલ ખાતે રહે છે જેનુ નામ જીનેશ મુકેશભાઈ ટોળીયા (ઉં.૨૮ ), છે. ચિલોડા પોલીસે આરોપીનો કોરોના ટેસ્ટ અને બ્લડ સેમ્પલ પણ લઈ તપાસ હાથ ધરી છે. યુવક ઉદેપુર તરફથી આવતો હતો અને પોતાનો ફોન ઉદેપુર તરફ ભુલી ગયો હોવાથી તે લેવા માટે જઈ રહ્યો હતો.ત્યારે ગીયોડ પાસે અકસ્માત થયો હતો.





## ખૂણેખાંચરેથી

- આજે અરણ્યભવન ખાતે યોજાયેલ એન્ટીજન ટેસ્ટના કેમ્પ દરમ્યાન પાંચ કોરોના પોઝીટીવના દર્દીઓ મળી આવ્યા હતા.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૬૦ હજારથી વધુ લોકોને એન્ટીજન ટેસ્ટ હેઠળ આવરી લેવાયાનું તંત્રએ જણાવ્યુ છે.
- ગાંધીનગર મામલતદાર ઓફિસમાં નાયબ મામલતદાર પ્રકાશ દેસાઈનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની સમાજ કલ્યાણ શાખામાંથી ૩૧-૮ના રોજ વયમર્યાદાને લઈ નિવૃત્ત થયેલ કર્મયોગી અરવિંદભાઈ પટેલ (સે. ૨૪)નું આજે કોરોનાની સારવાર દરમ્યાન અવસાન થતાં પંચાયત કચેરીમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.
- ગાંધીનગર શહેરમાં નવા સેક્ટરોમાં આજે પ્રમાણમાં વધુ કેસ કોરોનાના જોવા મળ્યા છે.
- જિલ્લામાં મગફળીનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે આજ સુધીમાં ૧૧૦૦થી વધુ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.

## સહકારી મંડળીઓની ચુંટણી પ્રક્રિયા મોકુફ

ચુંટણી પંચે ગુજરાતમાં આઠ વિધાનસભાની યોજોલ ચૂંટણીના અનુસંધાનમાં રાજ્યના સહકારી વિભાગ દ્વારા જેની ચુંટણી યોજાવાની હોય તેવી તમામ સહકારી મંડળીઓ પેટા ચુંટણીઓની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી મુલતવી રાખવાનો નિર્ણય લેવાયો છે. રાજ્યના કૃષિ ખેડુત અને સહકાર વિભાગ દ્વારા સહકારી મંડળીઓની ચુંટણી પાછી ધકેલવામાં આવી રહેલ અંગે પરિપત્રમાં જણાવ્યું કે ભારત ચુંટણી આયોગ દ્વારા ગુજરાત વિધાનસભાની આઠ પેટા ચુંટણી ઓક્ટોબર નવેમ્બરમાં યોજાવાની છે તે જિલ્લાનું વહીવટી તંત્ર કામગીરીમાં રોકાયેલ હોવાથી સહકારી મંડળીની ચુંટણી યોજી શકાય તેમ નથી.






રાજયભરની પોલીટેકનીકમાં ખાલી પડેલી લેકચરરની જગ્યાઓ ભરવા જીપીએસસી દ્વારા ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ હતી. આ ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં સિલેકટ થયેલા ઉમેદવારોનો નિમણૂંકપત્રો આપવામાં આવતા નથી. ભરતી પ્રક્રિયા પૂર્ણ થયે દોઢ વર્ષ થયું હોવા છતાં નિમણૂંકપત્રો ન અપાતા આખરે ઉમેદવારોએ આંદોલનનું શસ્ત્ર અજમાવ્યું છે.

# ફિલ્ટર કે વાલ્વવાળા માસ્ક ન પહેરવા સરકારની સલાહ

ગાંધીનગર,તા.૬

માસ્ક મામલે રાજ્ય સરકારે મહત્ત્વનો આદેશ કર્યો છે. આ મામલે રાજ્ય સરકારે તમામ વિભાગોને લેખિત આદેશ કર્યો છે. આદેશ પ્રમાણે ફિલ્ટર કે વાલ્વવાળા માસ્ક ન પહેરવાનું કહેવામાં આવ્યું છે. આ પાછળનું કારણ એવું છે કે આવા માસ્ક કોરોના સામે રક્ષણ નથી આપતા. આ મામલે આરોગ્ય વિભાગના અધિક નિયામકે તમામ જિલ્લા આરોગ્ય અધિકારીઓને એક પત્ર મોકલ્યો છે. આ સાથે જ જે તે આરોગ્ય અધિકારીઓને સૂચના આપવામાં આવી છે કે તેઓ તેમના વિસ્તારના લોકો આવા માસ્કનો ઉપયોગ ન કરે તે સુનિશ્ચિત કરે. આ ઉપરાંત લોકોમાં આવા માસ્ક ન પહેરવાને લઈને જાગૃતિ આવે તેવા પ્રયાસો શરૂ કરવાનું કહેવામાં આવ્યું છે. જાહેર આરોગ્ય વિભાગના અધિક નિયામક તરફથી તા. પાંચમી ઓક્ટોબરના રોજ લખવામાં આવેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, ×કોરોના સંક્રમણથી બચવા માટે હાલ કોઈ રસી ઉપલબ્ધ નથી. આ સમયે માસ્ક એ જ સૌથી સરળ ઉપલબ્ધ વિકલ્પ છે. હાલમાં પ્રજાજનો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ પ્રકારના માસ્ક પૈકી ફિલ્ટર કે વાલ્વવાળા માસ્કનો પણ ઉપયોગ કરવામાં આવે છે. આવા માસ્ક કોરોનાનાં વિષાણું સામે પૂરતું રક્ષણ આપતા નથી. ભારત સરકકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા પણ આ પ્રકારના માસ્કનો ઉપયોગ ન કરવા માર્ગદર્શિકા આપવામાં આવી છે. આથી આપના વિસ્તારમાં તમામ પ્રજાજનો વાલ્વ કે ફિલ્ટરવાળા માસ્કનો ઉપયોગ ન કરે તે સુનિશ્ચિત કરશો. વધુમાં આપની કક્ષાએથી વાલ્વ કે ફિલ્ટરવાળા માસ્કનો ઉપયોગ ન કરવા માટે લોક જાગૃતિ ફેલાય તે પ્રકારનો પ્રયત્નો હાથ ધરશે. ઉલ્લેખનીય છે કે આ પહેલા વિશ્વ આરોગ્ય સંગઠન તરફથી પણ ફિલ્ટર કે વાલ્વવાળા માસ્કનો ઉપયોગ ન કરવા માટે ભલામણ કરવામાં આવી છે. ડબલ્યુએચઓના મતે આ પ્રકારના માસ્કને કારણે કોરોનાનું સંક્રમણ અટકાવી શકાતું નથી. જે બાદમાં ભારત સરકારે પણ આવા માસ્કનો ઉપયોગ ન કરવાની માર્ગદર્શિકા બહાર પાડી હતી. કેન્દ્ર સરકાર તરફથી કોરોનાનું સંક્રમણ ફેલાતું અટકાવવા માટે જાહેરમાં માસ્ક ફરજિયાત કરવામાં આવ્યું છે. આ અનુસંધાને ગુજરાત સરકારે પણ માસ્ક પહેરવું અનિવાર્યું કર્યુ છે.

એટલું જ નહીં, જાહેરમાં માસ્ક ન પહેરવા પર ગુજરાત સરકારે દંડની રકમમાં પણ ઉત્તરોતર વધારો કર્યો છે. હાલ જો કોઈ વ્યક્તિ જાહેરમાં માસ્ક ન પહેરવાના નિયમનું ઉલ્લંઘન કરે છે તો તેને ૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવે છે. માસ્કના દંડને કારણે રાજયના અનેક શહેરોમાં પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણના બનાવો પણ બને છે. જોકે, ડબલ્યુએચઓની ભલામણ પ્રમાણે હાલ કોરોનાની રસી ઉપલબ્ધ નથી ત્યાં સુધી કોરોનાથી બચવા માટે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ જ શ્રેષ્ઠ ઉપાય છે.

## સી પ્લેનની મુસાફરીનું ભાડું ૪૮૦૦ રૂપિયા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અમદાવાદના રિવરફ્રન્ટથી કેવડિયા કોલોની જવા દરિયાઈ વિમાન ઉડવાનું સપનું સરદાર પટેલની જન્મજયંતી પર સાકાર થશે. પીએમ મોદી ૩૧ ઓક્ટોબરે અમદાવાદ આવશે અને સી-પ્લેન સેવા શરૂ કરશે. રિવરફ્રન્ટ ખાતે સી પ્લેન માટે હાલમાં ફ્લોટિંગ જેટીનું કામ ચાલી રહ્યું છે, જે ૨૦ ઓક્ટોબર સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે. મોદી સૌ પ્રથમ અમદાવાદથી કેવડિયા જશે, આ માટે ૨૦ ઓક્ટોબરની આસપાસ, બે સી-પ્લેન વિદેશી પાઈલટ્સ અને ક્રૂ સભ્યો કેનેડાથી પહોંચશે. જે દૈનિક ચાર ફ્લાઈટ ઉડાન ભરશે. ધીરે ધીરે, તેનું શેડ્યૂલ નક્કી કરવામાં આવશે. સી-પ્લેન સેવાના ઉદ્ઘાટન પછી, કેવડિયા જવા ઈચ્છતા લોકો આ સેવાનો ઉપયોગ કરી શકશે. ટિકિટનું ભાડુ ૪૮૦૦ રૂપિયા નક્કી કરાયું છે.

